ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૨૬ ટકા

ગાંધીનગર તાપમાન

આર.એન. લલિતકલા અકાદમીના વાર્ષિકોત્સવ નિમિત્તે રંગારંગ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર સંચાલિત આર. એન. લલિતકલા એકેડેમીનો રંગારંગ વાર્ષિક ઉત્સવ સાધાના - ૨૦૨૩ નું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ શેઠ શ્રી ખીમજી વિશ્રામ એન્ડ સંન્સ સંસ્કાર ભવન ખાતે ૨૫ /૨/૨૦૨૩ નારોજ શનિવારે ૨:૩૦ થી ૫;૩૦ સુધી ચાલેલ. આ કાર્યક્રમમાં ભારતીય સંસ્કૃતિ મુજબ દિપ પ્રાગ્ટય કરી અને આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી શરુ કરાયો હતો. આ વાર્ષિક ઉત્સવ માં ,મુખ્ય મહેમાન તરીકે પરાગભાઈ પંડયા એકટર, પ્રોડ્યુસર,ડાયરેકટર મોડેલ ,અતિથિ વિશેષ તરીકે શ્રીમતી સલીના નાયર પ્રિન્સિપાલ એસ.જી.ઈંગ્લીશ મીડીયમ પ્રાયમરી સ્કુલ અને શ્રી સુખરામભાઈ ચૌધરી એસ.વી. ઈંગ્લીશ મીડીયમ પ્રાયમરી સ્કુલ ઉપસ્થિત રહ્યા હતા તેઓશ્રીએ તાલીમાર્થીઓને સર્ટીફીકેટસ,મેડલ્સ અને ટ્રોફી અર્પણ કરી તાલિમાર્થીઓને પ્રોત્સાહિત કરી તેમના ઉત્સાહમાં વધારો કર્યો હતો સમગ્ર કાર્યક્રમ સંસ્થાના સંચાલિકા દિનાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ વિવિધ કલાના કલાગુરૂઓ શંકુતલાબેન ઓઝા મીતી ભટ્ટ, રોશની બ્રહ્મભટ્ટ, ઝરના ભાવસાર, રૂદ્ર દવે તથા કોચ મનીષ રાજભોઈ , આર. સેલ્વાકુમાર , વસીમ મનસુરી , વિનય બોડાત, મોહિત સુરાણી દ્વારા તાલિમાર્થી ઓને તાલિમ આપવા હતી. આ રંગારંગ કાર્યક્રમમાં આમંત્રિતો ,મહેમાનો , વાલીશ્રીઓ તથા બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવી માણેલ હતો કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધી અનિતા વસીતા દ્વાર કરવામા આવ્યુ હતુ.

એ.વી.વી.ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ‘અન્વેષણ-૨૦૨૩’ની શાનદાર ઉજવણી

ગાંધીનગર,તા. ૨૭

બાળકોની અંદર છુપાયેલી પ્રતિભાને ખીલવી તેના અંદર રહેલ આત્મવિશ્વાસ મહેનત અને આવડતને પ્રેક્ષકો સામે રજૂ કરાવવાનો અવસર એટલે શાળાનો વાર્ષિકોત્સવ. શાળા દ્વારા કરવામાં આવેલ કાર્ય અને મહેનતનો અરીસો એ વાર્ષિકોત્સવ કહેવામાં આવે છે. તો વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં અન્વેષણ’૨૦૨૩ નો કાર્યક્રમ ખૂબ જ સુંદર રીતે ઉજવવામાં આવ્યો. જેમાં વિવિધ પ્રકારના સુંદર મજાના પ્રોગ્રામ ની રજૂઆત એ તો પ્રેક્ષકો ના દિલ જીતી લીધા હતા. આ બધી જ રજૂઆતની ખાસિયત એ હતી કે જેના દ્વારા સંસ્કારો નું સિંચન થાય તથા કંઈક નવીન શીખવા મળે. દરેક પ્રોગ્રામમાં શાળાના તમામે તમામ બાળકોને ભાગ લેવાનો મોકો મળ્યો હતો. શાળાના ટ્રસ્ટીશ્રી તથા કેમ્પસ ડિરેક્ટર ના સતત માર્ગદર્શન તથા પ્રોત્સાહન , શિક્ષકો ના માર્ગદર્શન તથા વાલીઓના સહકાર થી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. અને દરેક બાળકોની રજૂઆત એ કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા હતા.

શિલ્પ આરંભ ગિફ્ટ સિટી મેરેથોનમાં ૧૫૦૦૦ રનર્સની સ્વાસ્થ્ય માટેની દોડ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં એક નવી સિટી એટલે કે ગિફ્ટ સિટી પુરજોશમાં આકાર પામી રહી છે. આ વિસ્તારમાં વધુ લોકો આવે અને આ વિસ્તારને જાણે

એ માટે અત્યારે ત્યાં પ્રોપર્ટી એક્સપો ચાલી રહ્યો છે. આના ભાગરૂપે રવિવારે અહીં એક વિરાટ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું.

શિલ્પ આરંભ મેરેથોનનું ફ્લૅગ ઓફ કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા દ્વારા કરવામાં આવ્યું હતું. આ મેરેથોનમાં ૧૫૦૦૦થી વધુ રનર્સ ગિફ્ટ સિટીના સુંદર માર્ગ પર ૨૧.૦૯૭ કિલોમીટરની હાફ મેરેથોન અને ૧૦ કિલોમીટર અને પાંચ કિલોમીટર રેસમાં દોડ્યા હતા. વિશેષ એટલે આ મેરેથોનમાં દિવ્યાંગ કેટેગરીમાં પણ સભ્યોએ ભાગ લીધો હતો. ગિફ્ટ સિટી મેરેથોનમાં ગાંધીનગર રનર્સ ગ્રૂપના હરિશ્ચંદ્ર, જગત કારાણી, મીતેશ ગઝ્ઝર, ડૉ. મહિપતસિંહ પરમાર, બીજુ પિલ્લાઈ, ઈન્દ્રસિંહ વાઘેલા, ડૉ. મનિષા ઝડફિયા, રાજવિરસિંહ વાઘેલા, સંજય થોરાત, કુમારદેવન શ્રીનિવાસન, દુર્ગેશ પંચાલ, રેણુકા પંચાલ, હેતલ દેસાઈ, નિલીમા શાહ, પ્રદીપ ગેહલોત, જગદીશ દુધાત, યશેશ વ્યાસ, વિભૂતિ વ્યાસ, શિબુ પિલ્લાઈ, મયંકા શર્મા ભટ્ટી, નિરજ ચૌહાણ, પિકી જહા જેવા રનર્સે ભાગ લઈ ફિનીશરનો મેડલ મેળવ્યો હતો.

શિલ્પ આરંભ ગિફ્ટ સિટી હાફ મેરેથોનમાં હરિશ્ચંદ્ર વિજયી થયા હતા. આવતા રવિવારે માઉન્ટ આબુ ખાતે મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું છે જ્યાં ગાંધીનગર રનર્સ ગ્રૂપના સભ્યો ભાગ લેશે.

સમર્પણ પબ્લિક સ્કૂલ ખાતે નોન સ્ટોપ સ્કેટીંગ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,તા. ૨૭

તાજેતરમાં યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ દ્વારા આયોજિત, સમર્પણ પબ્લિક સ્કૂલના સહયોગથી બે કલાક નોન-સ્ટોપ સ્કેટિંગ ઈવેન્ટનું આયોજન સેક્ટર-૨૮ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫૦થી પણ વધુ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગાંધીનગર મહિલા આઈ.ટી.આઈ ના નિવૃત્ત આચાર્ય અશોક ત્રિવેદી, ઈન્ટરનેશનલ અભિનેત્રી દિપિકા પાટીલ, ગાંધીનગર મહાનગરપાલિકા ના કોર્પોરેટર સોનાલી પટેલ અને હેમા ભટ્ટ, ગાંધીનગર મહાનગર પાલિકા ના વિપક્ષ નેતા અંકિત બારોટ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થાના સેક્રેટરી મિલાપ ટાટારિઆ ટાઈગર ના વરદહસ્તે ઉપસ્થિત તમામ મહેમાનોને મોમેન્ટોથી સન્માનિત કરવામાં આવ્યા હતા તથા સંસ્થાના ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી અને ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવેએ અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.

કુડાસણ સ્થિત ચાણક્ય શાખા દ્વારા સ્લો સાઈકલ હરિફાઈનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૭

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની કુડાસણ શાખાનો વાર્ષિકોત્સવ તા.૨૬ના રોજ સ્લો સાયકલ સ્પર્ધા નું આયોજન કરી ઉજવવામાં આવ્યો, કાર્યક્રમ ની શરૂઆતમાં શાખા નું પ્રાત્યક્ષિત સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું પછી ગાંધીનગર પ્રચાર વિભાગના જગતભાઈ પુરોહિતનું બૌધિક થયું , સ્લો સાયકલ સ્પર્ધા માં બાળકો, બહેનો અને ભાઈઓ બધાએ ખુબજ ઉત્સાહથી ભાગ લીધો અને બધા વિજેતાઓને ચહલ એકાડમી દ્વારા પ્રમાણપત્ર અને પુરસ્કાર આપી સમ્માનિત કરવામાં આવ્યાં. કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિ ગાંધીનગરના સંઘ ચચાલક શંકરભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા.

બાપુ ગુજરાત નોલેજ વિલેજ ખાતે ગ્રાહક સુરક્ષા વિષય પર એક્સપર્ટ ટોકનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા સર અને ડાયરેક્ટર શ્રી રવિ કુમાર સર ના માર્ગ દર્શન હેઠળ શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયૂટ ઓફ લો તથા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયૂટ સાયન્સ એન્ડ કોમર્સ દ્વારા ગ્રાહક સુરક્ષા ધારા ઉપર કન્ઝ્યુમર ફોરમના અધ્યક્ષ શ્રી ડી.ટી સોની સર દ્વારા ગ્રાહક સુરક્ષા વિશે લો તથા કોમર્સના વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું જેમાં કોલેજના અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો. આ સમગ્ર પ્રોગ્રામ નું સફળ આયોજન લો કોલેજના પ્રિન્સિપાલ શ્રી ભૂમિકા જાની મેડમ અને કોમર્સ અને સાયન્સ કોલેજ ના પ્રિન્સિપાલ રાજપ્રિયા પટેલ મેડમ દ્વારા કરવામાં આવ્યું.

ઉમ્મીદ ફાઉન્ડેશન દ્વારા હાલ ચાલી રહેલ ગુજરાત વિધાનસભાના બજેટ સત્રમાં સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓને બજેટ સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી અને કાર્યપ્રણાલી અંગે માહિતગાર કર્યા. જેમાં સંસ્થાના ભગીરથ માંડલિયા, શાળાના કો-ઓર્ડિનેટર નટુભાઈ લાડાણી અને પ્રિન્સીપાલ મુકેશભાઈ જાની સહિત શિક્ષકો હાજર રહ્યા હતા.

જન્મદિને વધામણી

કનૈયાલાલ પંડ્યા
કથાકાર
મો. ૯૪૨૮૨ ૧૭૫૫૭

આશા એમ. શર્મા
શિક્ષક, પેથાપુર કુમાર શાળા નં. ૨

જયદેવ પરમાર
મહામંત્રી, આદિજાતિ મોરચો, ગાંધીનગર

પ્રજાપતિ મિહિર નિકુલભાઈ

હર્ષદભાઈ એસ. પ્રજાપતિ
મો. ૯૯૦૯૯ ૦૪૨૪૧

ઘનશ્યામજી પી. રાઠોડ
મો. ૯૭૨૩૩ ૯૩૨૨૦

ભાટીયા ભવ્ય જીજ્ઞેશભાઈ
મો. ૮૫૧૧૮ ૮૮૬૭૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

-સંપાદક